બનાસકાંઠા જિલ્લામાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો અને મહિલા શક્તિ કેન્દ્રો ખાતે રમત-ગમતની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પાલનપુર ખાતે રાજ્ય મંત્રી દિલીપજી ઠાકોર, ડીસા, તાલુકાના કેન્દ્રોના મંત્રી લીલાધર વાઘેલા અને વાવ તાલુકાના કેન્દ્રોના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના ત્રણ સ્થાનોએ યોજાયેલ કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

અરવલ્લી કિસાન સંઘે એક સર્વે નંબર, એક કનેક્શન પર આંદોલન કરશે

યુ.જી.વી.સી.સેલના તઘલકી નિર્ણયને કિસાનો પડકારશે

ધનસુરા, તા. ૧

ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. દ્વારા ખેડૂતોની એક જ સર્વે નંબરની જમીનમાં બીજુ વીજ જોડાણ ન આપવાનો નિર્ણય કર્યો છે. આથી અરવલ્લી જિલ્લા કિસાન સંઘે આ સંદર્ભે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને આગામી સમયમાં બીજુ વીજ જોડાણ ન આપવામાં આવે તો વીજ કંપની સામે ઉગ્ર આંદોલન કરવાની ખેડૂતોએ ચિમકી ઉચ્ચારી છે.

ઉત્તર ગુજરાતના મોટા ભાગના ગામડાઓમાં ઉનાળાની શરૂઆત થતા જ ખેતીના પાક માટે પીયતના પાણી માટે બુમરાડ થવા લાગી છે. ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપનીએ ખેડૂતોને ખેતરમાં એકથી વધારે વીજ જોડાણ ન આપવાનો નિર્ણય કરતા ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા એક જ સર્વે નં. ની જમીનમાં બીજુ વીજ જોડાણ નહી આપવાનો તાજેતરમાં નિર્ણય કર્યો છે. ત્યારે અગાઉથી બીજા વીજ જોડાણની અરજી કરીને બેઠેલા ખેડૂતોમાં આ ફતવાથી નિરાશા વ્યાપી જવા પામી છે. અનેઆ સંદર્ભેઅરવલ્લી જિલ્લાના કિસાન સંઘ દ્વારા યુજીવીસીએલ ધનસુરા કચેરી ખાતે લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. પરંતુ કોઈ યોગ્ય પરિણામ ના આવતા ન્યાય મેળવવા જિલ્લા કિસાન સંઘે ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

સીતવાડામાં ગેરકાયદેસર રેતી ચોરતા ત્રણ ટ્રેકટર ઝડપ્યા

પ્રાંતિજ, તા.૧

તાલુકાના સીતવાડા ખાતેથી પસાર થતી સાબરમતી નદીમાં ગેરકાયદેસર રીતે ખેતી ખનન કરતા ત્રણ ટ્રેકટર ઝડપી પાડયા છે ત્યારે તાલુકાની પ્રજામાં ચર્ચા ફેલાવા પામી છે કે તંત્ર દ્વારા ફકત ચોપડે નોંધાવા પુરતી રેડ પાડી હોય તેવું લાગી રહ્યું છે અને ટ્રેકટર માલિકો સામે પોલિસ કેસ કરી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ તાલુકાના સાબરને કિનારે વસતા સીતવાડા ગામેથી

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરમતી નદી પસાર થાય છે. નદીમાંથી અવાર નવાર રેતીનું ખનન કરવાની ઘટનાઓ અવારનવાર પોલીસ ચોપડે નોંધાઈ ચુકી છે ત્યારે આજ રોજ તંત્રએ અચાનક રેડ પાડી ત્રણ ટ્રેકટર પકડી પાડયા છે. આ ટ્રેકટરોના માલિકોને પ્રાંતિજ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

તાલુકાની પ્રજામાં આ ઘટના ટોક ઓફ ધ ટાઉન બની હતી અને તંત્રની હાંસી ઉડાવતા હતા. તંત્રએ જાણે વાઘ માર્યો હોય તેમ નાના ખનીજચોરોને ઝડપી પાડયા છે અને મોટી મોટી ટ્રકોની સામે કાર્યવાહી કરતા નથી. જેથી લોકમુખે એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે તંત્રને દર મહિને આ ટ્રકો ભરી જતા માલિકો પાસેથી લાખોના હપ્તા મળે છે તેથી આ ફકત ચોપડે નોંધાવા પુરતી જ રેડ પાડવામાં આવે છે.

ભિલોડાના નવા ભવનાથ પાસે છકડો પલટી ખાતા મુસાફરોને ગંભીર ઈજા

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા-જુના ભવનાથ માર્ગ ઉપર આવેલ નવા ભવનાથ વિસ્તાર પાસે પશુ દવાખાના સામે છકડો પલટી ખાતા મુસાફરોના

શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા સીવીલમાં ઈજાગ્રસ્તોને ખસેડાયા હતા. ભિલોડાથી મઉ તરફ બજાજ છકડો મુસાફરો ભરીને જતો હતો ત્યારે છકડા ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક ગુમાવી બેસતાં છકડો પલટી ખાઈ જતાં રોડની સાઈડમાં આવેલ વીજળીનો થાંભલો ધરાશાયી થતાં ધડાકાભેર અવાજ થયો હતો પરંતુ સદ્દનસીબે વીજળીના તાર કોઈને અડચણરૂપ ન થતાં મોટી ઘટના થતાં અટકી ગઈ હતી. વીજળીનો થાંભલો ધારાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો મુશ્કેલીમાં મુંકાયા હતા.છકડાની અંદર બેઠેલા મુસાફરો ઘવાયા હતા ત્યારે માનવતા વિહોણો છકડો ચાલક છકડો મુકી ફરાર થઈ ગયો હતો.

પ્રાઈવેટ વાહન ચાલકો બેફામ વાહનો હંકારતા હોવાના કારણે નિર્દોષ પ્રજાજનોનો ભોગ લેવાય છે ત્યારે પોલીસે લાલ આંખ કરવાની તાતી જરીયાત છે. ભિલોડાથી હિંમતનગર, ઈડર, ચિઠોડા, શામળાજી સહિત અનેક ગ્રામ્યવિસ્તારના રૂટ ઉપર મોટી સંખ્યામાં પ્રાઈવેટ વાહનો મારફતે મુસાફરોને ઘેરા-બકરાંની માફક ભરી હેરાફેરી કરતા પ્રાઈવેટ વાહન ચાલકો પોલીસનો બિલકુલ ડર વગર ધીકતો ધંધો હપ્તાઓ આપી ચલાવી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. અમુક વાહન ચાલકો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ,વિમો પણ હોતો નથી ત્યારે અમુક વાહન ચાલકો ખખડધજ વાહનોમાં મુસાફરોને ઘેરા-બકરાની માફક ભરી મુસાફરી બિન્દાસ્ત, બેરોકટોક કરાવતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મુસાફરો અમુક સમય દરમ્યાન એસ.ટી.બસો પુરતા પ્રમાણમાં મળતી ના હોવાના કારણે મુજબુરીના કારણે પ્રાઈવેટ વાહનોમાં બેસી જીવનું જોખમ ખેડી પ્રાઈવેટ વાહનોમાં બેસવા મજબુર બનતા હોય છે ત્યારે લોકમુખે ચર્ચાય છે કે જી.એસ. આર.ટી. સી. ધ્વારા એસ.ટી.બસોની સેવા ગ્રામ્ય વિસ્તારમાં વધારવાની તાતી જરૂરીયાત હોવાનું લોકમુખે ચર્ચાય છે.

માલપુરને બાયડ પ્રાંત કચેરી હેઠળ સમાવવાના નિર્ણયનો વિરોધ કરવા બંધ

માલપુરના ધારાસભ્ય સહિત વિવિધ આગેવાનોએ પ્રતિક ઉપવાસ કર્યા : માલપુર તાલુકાને મોડાસા પ્રાંત કચેરી હેઠળ રાખવા માંગ

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લો બન્યા બાદ વહીવટી સરળતા ખાતર માલપુર તાલુકાનો ભૌગોલિક અભ્યાસ કર્યા વગર સરકારી બાબુઓએ એસી ચેમ્બરમાં બેસીને તેનો બાયડ પ્રાંત કચેરીમાં સમાવેશ કરતાં ઉગ્ર રોષ ફાટી નિકળ્યો છે. આ બાબતનો વિરોધ કરવા એક દિવસીય પ્રતિક ઉપવાસ રાખી સજ્જડ બંધ પાડવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાને મોડાસા પ્રાંત કચેરી હેઠળથી ખસેડી બાયડ પ્રાંત કચેરી હેઠળ મુકવામાં આવતા સ્થાનિક પ્રજામાં રોષ ફાટી નિકળ્યો હતો. આજે માલપુર જાયન્ટસ ગ્રૃપ તથા માલપુરના કોંગ્રેસી ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં એક દિવસીય પ્રતિક ઉપવાસ કરી સજ્જડ બંધ પાડવામાં આવ્યો હતો. જેમાં ગામના નાના મોટા વેપારી જોડાયા હતા. માલપુર તાલુકાને મોડાસા પ્રાંત કચેરી હેઠળ રાખવામાં આવે તો ૨૨ કિલોમીટરનું અંતર માલપુર વાસીઓને કાપવું પડે જ્યારે બાયડ ૬૦ કિલોમીટર દૂર પડે આમ ભૌગોલિક દૃષ્ટિએ આ નિર્ણય આવકારદાયક નથી. આમ સરકારી બાબુઓએ આ નિર્ણય એસીમાં બેસી લીધો છે. જ્યારે કેટલાક લોકો કહે છે કે માલપુર ગામ મોડાસાની નજીક છે જ્યારે માલપુરના અમુક ગામડા ભૌગોલિક દૃષ્ટિએ બાયડને સ્પર્શે છે તેથી બાયડ જવામાં સરળતા રહે છે. આમ બે પક્ષ વચ્ચે સમગ્ર મામલો ગૂંચવાયો છે. અને રાજ્ય સરકારમાં અલગ અલગ રજુઆતો કરવામાં આવી છે. જ્યારે કોંગ્રેસી ધારાસભ્ય મહેન્દ્રસિંહ ઉપવાસ પર બેસતા સમગ્ર માંગણી કોંગ્રેસ તરફથી કરવામાં આવી રહી હોય તેવી છાપ ઉભી થઈ છે. તો શુ ભાજપ સરકાર માનશે ખરી ? નિર્ણય ફેરવશે ખરી ? જ્યારે કોઈપણ માગણીમાં રાજકારણ પ્રવેશ કરે છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહેજ પણ ચલાવી લેતા નથી ત્યારે આ માગણીના અનુસંધાનમાં શું નિર્ણય થાય છે તે જોવું રહ્યું.

આજે હજરત ચાંદ શહીદના ઉર્સની ઉજવણી

હિંમતનગર, તા. ૧

હિંમતનગરમાં હાથમતી નદી કિનારે હઝરત ચાંદ શહીદની દરગાહ ખાતે રવિવારે ઉર્સ મુબારકની શાનદાર ઉજવણી થનાર છે. દરગાહ કમીટીના વહીવટકર્તા હાજી મો.શફીભાઈ વડાલીવાલા અને અહેમદહુસેન વડાલીવાળાએ ઉર્સના કાર્યક્રમ વિશે જણાવ્યું હકું કે, દર વર્ષની જેમ આ વર્ષ પણ તા. ૨જી માર્ચ રવિવારના રોજ હઝરત ચાંદ શહીદના ઉર્સ મુબારકની ઉજવમી ધામધૂમથી કરવામાં આવનાર છે. રવિવારની અસરની નમાજબાદ અમ ન્યાઝ (પ્રસાધ)ના કાર્યક્રમ બાદ સાંજે ઈશની નમાઝ બાદ કુરૂઆન પાઠની લીલાવત અને નાતશીરફના પોગ્રામ બાદ રાત્રે ૧૦ વાગે શાનો શક્તિથી સંદલ શનીફ પેશ કરવાની રસમ પૂરી કરવામાં આવશે. હઝરત ચાંદ શહીદનુ્ર્સ પ્રસંગે હજારો શ્રદ્ધાળુઓ દુઆ માગશે.

ચૌધરી કોલેજ દ્વારા વાર્ષિક એન.એસ.એસ. શિબિર યોજાઈ

શિબિરમાં ૩૨ વિદ્યાર્થિનીઓએ જોડાઈ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજ્યા

ગાંધીનગર, તા. ૧

તાજેતરમાં ચૌધરી મહિલા આર્ટસ કોલેજ એન.એસ.એસ. વિભાગ દ્વારા વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર દહેગામ તાલુકાના પાટનાકુવા ગામ ખાતે યોજાઈ હતી. જેમાં કોલેજની ૩૨ વિદ્યાર્થિનીઓ સ્વયં સેવિકાઓ બની જોડાઈ હતી.

દરેક કોલેજમાં વર્ષમાં એકવાર એનએસએસ શિબિરનું આયોજન કરવામાં આવતુ હોય છે. શિબિરમાં કોલેજના વિદ્યાર્થીઓ જોડાઈને કોઈપણ એક ગામમાં જઈને સેવાકીય કાર્યો અને જનજાગૃતિ અભિયાન ચલાવતા હોય છે. કોલેજ વિદ્યાર્થીઓને અભ્યાસના ભાગરૂપે દસ દિવસ અન્ય કાર્યો કરી જીવન ઉપયોગી કાર્યો કરતા હોય છે.

શહેરની સેક્ટર-૭ સ્થિત ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વલારા દહેગામ તાલુકાના પાટનાકુવા ગામ ખાતે એન.એસ.એસ. શિબિરનું આયોજન કરવામાં આયું હતું. શિબિર ગઈ તા. ૨૦ થઈ ૨૬ ફેબ્રુઆરી દરમિયાન યોજવામાં આવી હતી. જેમાં કોલેજની ૩૨ વિદ્યાર્થિનીઓએ જોડાઈને સ્વયં સેવીકાની ભૂમિકા અદા કરી હતી.

શિબિરનો શુભારંભ નવજીવન માધ્યમિક શાળાના કેમ્પસમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય, શાળાના ટ્રસ્ટીઓ, ગામના સરપંચ સહિત અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવ્યો હતો. કેમ્પમાં અલગઅલગ દિવસે વિવિધ સંસ્થાઓના સહયોગથી કેમ્પનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાંરેડક્રોસ ગાંધીનગર અને કર્ણાવતી ડેન્ટલ કોલેજ દ્વારા દાંત અને હાડકાના રોગોનો નિદાન કેમ્પ ગ્રામજનો માટે યોજવામાં આવ્યો હતો. તેમજ કેન્સર હોસ્પિટલ અમદાવાદ દ્વારા સ્ત્રીરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અને શિબિરમાં વિદ્યાર્થીઓએ ગામનો આર્થિક અને સામાજીક સર્વે હાથ ધરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ ગામના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે માહિતી પુરી પાડી હતી અને ગામમાં સ્વચ્છતા જાળવવા અને વ્યસનમુક્તિ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિર સુપ્રસિદ્ધ તુળજા ભવાની મંદિર ખાતે યોજવામાં આવી હતી. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓએ કંથારપુરા વડની મુલાકાત લઈ શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું.

સિંઘલ-વણઝારાના રાજીનામા કેન્દ્ર દ્વારા નામંજુર કરી દેવાયા

અમદાવાદ, તા.૦૧

ગુજરાતમાં થયેલ નકલી એન્કાઉન્ટર કેસમાંઆરોપી તરીકે જાહેર થયેલા આઈપીએસ ઓફિસર જી.એલ. સિંઘલ અને ડી.જી. વણઝારાના રાજીનામા કેન્દ્રના ગૃહ મંત્રાલય દ્વારા પણ નામંજુર કરી દેવામાં આવ્યા છે. આ પહેલા રાજ્ય સરકારે પણ તેઓના રાજીનામા સ્વીકાર્યા ન હતા. પરંતુ હાલ રાજ્ય સરકાર સામે મુશ્કેલી એ છે કે બંનેપૈકી જી.એલ. સિંઘલ ફરીથી નોકરી પર પરત ફરવા માંગતા નથી ઉપરાંત તેઓ રજા લીધા વગર નોકરી પર સતત ગેરહાજર છે. તેથી આવી પરિસ્થિતિમાં રાજ્ય સરકાર જી.એલ. સિંઘલ સામે ગેરશિસ્તના પગલા ભરી શકે છે. તેવી પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. અગાઉ રાજ્ય સરકારે તંત્ર વિરૂદ્ધ બાંયો ચઢાવનાર સંજીવ ભટ્ટ સામેપગલા લીધા હતા. ઈશરત એન્કાઉન્ટરના આરોપી જી.એલ. સિંઘલ એક પછી એક સરકાર અને તેની સાથે જોડાયેલા આઈપીએસ-આઈએએસ અધિકારીઓના અનેક કથિત રહસ્યો ખોલી રહ્યા છે ત્યારે ગૃહ વિભાગ તેમની સામે પગલા લેશે ? તેવી ચર્ચાથી પોલીસ બેડામાં વાતાવરણ ગરમ થઈ રહ્યું છે.

બીજી તરફ જાણીતા આઈપીએસ ઓફિસર ડી.જી. વણઝારાની વાત કરીએ તો તેમણે પણ જેલમાંથી લેટર લખી રાજ્ય સરકારને સૌ પ્રથમ પોતાનું રાજીનામુ મુકી દીધું હતું. પરંતુ રાજ્ય સરકારે તેમનુંરાજીનામું સ્વીકાર્યું ન હતું.

અદ્યતન સુવિધાયુક્ત નવનિર્મિત ચિલોડા પોલીસ સ્ટેશન, રાજીવભવન ગ્રામ સચિવાલય માત્ર ઉદ્‌ઘાટન વિધિની રાહમાં

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગરના પ્રવેશ દ્વાર સમા ચિલોડા મોટા જંકશન મથક તરીકે મીની સીટી તરીકે આકાર પામી રહ્યું છે. દિન પ્રતિદિન ચિલોડા સૌનું આકર્ષણ કેન્દ્ર સમા એક હબ તરીકે વિકસતા ચિલોડા ખાતે લાખો રૂપિયાના ખર્ચે બનાવેલા મુખ્ય બંને મોખરાનું સ્થાન ધરાવતા ચિલોડા પોલીસ સ્ટેશન તથા ગ્રામ સચિવાલયને આખરી ઓપ આપી દીધો છે. ડભોડા પોલીસ સ્ટેશનમાં સમાવિષ્ટ ચિલોડા આઉટ પોસ્ટને પી.આઈ.નું આગવુ પોલીસ સ્ટેશન તરીકે બે વર્ષનો સમય વિત્યા બાદ નવા પોલીસ સ્ટેશનનો દરજ્જો જૂના પોલીસ સ્ટેશનના સાંકડા મકાનમાં પ્રારંભ થયો હતો. ત્યાર બાદ વિકસિત વિસ્તાર અને મોખરાનું સ્થાન તરીકે ચિલોડા-હિંમતનગર-અમદાવાદ, દહેગામ, ગાંધીનગર, સાદરા, છ માર્ગીય રસ્તાઓ તથા જિલ્લાનું સૌથી મોટુ પ્રવેશદ્વાર તરીકે વિકસેલુ સર્કલ પર ચાંપતી દેખરેખ તથા અન્ય રીતે સહી સલામત કાયદો વ્યવસ્થા જાળવણીમાં મદદરૂપ થાય તેવા હેતુ સર પોલીસ

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સ્ટેશન, અનેક રીતે લોકોને રાહત આપતુ મથક તરીકે અંદાજે ૧૬ લાખના ખર્ચે નવું અદ્યતન પોલીસ સ્ટેશન બે માળનું તૈયાર થઈ ગયું છે. માત્ર હવે સારા મુહૂર્ત તથા ઉદ્‌ઘાટનની રાહ જોતાં મંગલ પ્રવેશ કરવા પ્રતિક્ષા જોવાઈ રહી છે. એકબાજુ લોકસભાની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે. ચૂંટણીની જાહેરાત થવાની ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે આચાર સંહિતાનુંગ્રહણ ન નડે તેવી અપેક્ષા સેવાઈ રહી છે. આમ નવા પોલીસ સ્ટેશનમાં મંગળ પ્રવેશ થાય તેવી માંગ પ્રવર્તી રહી છે. હાલમાં જૂના પોલીસ સ્ટેશનમાં ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. અનેક સરકારી મકાનોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની મોસમમાં ચિલોડા પોલીસ સ્ટેશન અને રાજીવ ભવનનું લોકાર્પણ સત્વરે થાય તેવી ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

ચિલોડા ગ્રામ પંચાયતનું રાજીવભવન મહાત્મા ગાંધી ગ્રામ સચિવાલય ભારત નિર્માણ રાજીવગાંધી સેવા કેન્દ્ર પણ ઉદ્‌ઘાટનાવિધિની રાહ જોઈ રહ્યું છે. આ મકાન ૧૩ લાખના અંદાજે બનાવેલુ છે. ગ્રામ સચિવાલય રંગરોગાન કરી તૈયાર આખરી ઓપ આપી દીધો છે. આમ બંને મકાનો ઉદ્‌ઘાટન વિધિ સત્વરે હાથ ધરાય તેવી તીવ્ર માંગ પ્રવર્તી રહી છે. નવા પોલીસ સ્ટેશનમાં સુવિધા તરીકે પી.આઈ. ઓફિસ, નાગરિક સુવિધા કેન્દ્ર, ઈલેકટ્રીકરૂમ, પી.એસ.ઓ., પોલીસ ઈન્સ્પેકટર પર્સનલ, વાયરલેસ રૂમ, લોકઅપ-મહિલા-પુરૂષ, સી.સી. કેમેરા, ઈન્વેટીગેસન રૂમ, કોમ્પ્યુટરરૂમ, એકાઉન્ટન, રાઈટર હેડ, કાઈમ રાઈટર હેડ, પાણીની સુવિધા, પ્રાથમિક સુવિધા વગેરે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

એનએસયુઆઈ-એબીવીપીના કાર્યકરો વચ્ચે મારામારીથી તંગદિલી

અમદાવાદ, તા.૦૧

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ચૂંટણીની મતગણતરીમાં થયેલા ઘર્ષણ મુદ્દે સમાધાન માટે આજે કુલપતિનાં ઓફિસમાં મિટીંગ મળી હતી. પરંતુ આ મિટીંગમાં પણ એનએસયુઆઈ-એબીવીપીના કાર્યકરો મારામારી પર ઉતરી આવ્યા હતા. મારામારી થતા તાત્કાલીક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડતા. કાર્યકરોને બહાર કાઢીને અમુક નક્કી કરેલા વિદ્યાર્થી નેતાઓને જ કુલપતિ સાથે જવા દેવાયા હતા અને ફરીથી મિટીંગનો દોર ચાલુ થયો હતો.

ગુજરાત યુનિવર્સિટીમાં મંગળવારે વિદ્યાર્થી સેનેટ અને સ્ટુડન્ટ વેલ્ફેર બોર્ડની ચૂંટણીની મતગણતરીમાં થયેલી મારામારી બાદ મતગણતરી સ્થગિત રહી હતી જે મુદ્દે કુલપતિની ઓફિસમાં કુલપતિ અને વિદ્યાર્થી નેતાઓ વચ્ચે મિટીંગ મળી હતી જેમાં મતગણતરી હાથ ધરવી કે ફરીથી ચૂંટણી કરવી તે મુદ્દે ચર્ચાનો દોર ચાલી રહ્યો હતો. તેજ દરમિયાન એનએસયુઆઈ-એબીવીપીના કાર્યકરો વચ્ચ મતભેદ ઉભો થતા ઝપાઝપી અને ઘર્ષણ થતા વાત મારામારી સુધી પહોંચી ગઈ હતી. મામલો થાળે પાડતા. કાર્યકરોને બહાર કાઢીને અમુક નક્કી કરેલા વિદ્યાર્થી નેતાઓને જ કુલપતિ સાથે જવા દેવાયા હતા અને ફરીથી મીટીંગનો દોર ચાલુ થયો હતો.

નિર્મળ બનાવાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની આજરોજ જિલ્લા પ્રભારી મંત્રી અને નાણાં મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૧૪-૧૫ના વિવિધ વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી માટે બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિકાસ કામો માટે રૂપિયા ૬૨૫ લાખની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા સહ પ્રભારી મંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી રજનીભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ બેઠકમાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં કોઈ ઘર શૌચાલયની સુવિધાથી વંચિત ન રહે તેવી લોક ઝુંબેશ શરૂ કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ ઝુંબેશ અનુસંધાને વર્ષ ૨૦૧૫ના અંત સુધીમાં કોઈ પણ ઘર શૌચાલયથી વંચિત ન રહે તેવું સુચારૂ આયોજન કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ માટે નગરપાલિકા વિસ્તારના ગરીબ ઘરોની આસપાસ શૌચાલય બનાવવાની જાગૃતિ કેળવાય તેમજ આ માટે નગરપાલિકામાં અરજી કરવાની લોક જાગૃતિ કેળવાય તે માટે હોર્ડિંગ્સ મુકવાનું સૂચન કર્યું હતું.

તે ઉપરાંત ગાંધીનગરના ઐતિહાસિક સ્થળોની આસપાસ વિસ્તારમાં સફાઈ કામો નિયમિત થાય તે જોવા પણ સંબંધિત અધિકારીશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. આ બેઠકમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેના જિલ્લાના વિવિધ વિકાસ કામો માટે કુલ રૂપિયા ૬૨૫ લાખને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. જેમાં વિવેકાધીન જોગવાઈ માટે રૂપિયા ૩૬૩ લાખ, વિવેકાધીન ખાસ અંગભુત માટે રૂપિયા ૫૦ લાખ, પ્રોત્સાહક જોગવાઈ માટે રૂપિયા ૫૦ લાખ, ખાસ પછાત વિસ્તાર માટે રૂપિયા ૧૨ લાખ, જિલ્લા કક્ષાની જોગવાઈ માટે રૂપિયા ૧૨૧ લાખ અને જિલ્લાકક્ષા જોગવાઈ માટે રૂપિયા ૨૯ લાખની સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી.

વર્ષ ૨૦૧૪-૧૫ માટે વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ ગાંધીનગર તાલુકાને રૂપિયા ૧૨૫ લાખ, કલોલ તાલુકાને રૂપિયા ૧૨૫ લાખ, દહેગામ તાલુકાને રૂપિયા ૧૨૫ લાખ અને માણસા તાલુકાને રૂપિયા ૧૦૦ લાખની રકમ ફાળવણી કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લાની ૪ નગરપાલિકાઓને કુલ ૧૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. જેમાં તમામ નગરપાલિકાને રૂપિયા ૨૫ લાખની સૈદ્ધાંતિક ફાળવણી કરવામાં આવી છે. તે ઉપરાંત બક્ષીપંચ (ખાસ પ્લાન) જોગવાઈ હેઠળ દહેગામ તાલુકાને રૂપિયા ૫ લાખ અને કલોલ તાલુકાને રૂપિયા ૫ લાખની ફાળવણી કરવામાં આવી છે. બેઠકમાં જિલ્લાની ૧૦ આંગણવાડીઓના કમ્પાઉન્ડ વોલ માટેના નાણાંની પણ ખાસ સૈદ્ધાંતિક ફાળવણી કરવામાં આવી છે.

આ બેઠકમાં સંસદ સભ્ય શ્રી જયશ્રીબેન પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, કલોલના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, આયોજન અધિકારી શ્રી ડી.આર. દવે સહિત સર્વે નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ અને સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન